ખૂબ જ અગત્યનું

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## સંશોધન નિયામકશ્રીની કચેરી, આયોજન સેલ,

આણંદ

વંચાણે લીધોઃ ૧ આ કચેરીના પરિપત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૦૧૨-૧૩/૪૧૨૮-૪૨૨૮/૧૨, તા.૨૧-૦૭-૨૦૧૨

૨ હિ.અ.-વ-હિ.નિ.શ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/ કોમ્પ્ટ / બીજીટી /પ્લાન રી-૧/ ૬૨૯૦-૬૩૪૦/૧૨, તા. ૦૬/૦૯/૨૦૧૨

વિષયઃ સને ૨૦૧૨-૧૩ માં આયોજીત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા બાબત.

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજના હેઠળ સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં ચાલુ તેમજ નવા કાર્યક્રમોના નિયત્રણ અધિકારીશ્રીઓ સાથે તા.૧૩/૧૪-૦૭-૨૦૧૨ના રોજ બેઠકમાં ચર્ચા થયા મુજબ તેમજ જરૂરિયાતને ધ્યાને લઇ હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદે સંદર્ભ-૨ના ઓફીસ ઓર્ડરથી પગાર - ભથ્થા, રીકરીંગ અને નીન-રીકરીંગ સદરે ગ્રાન્ટ ફેર ફાળવણીના હુકમો કરેલ છે. અત્યાર સુધીમાં થયેલ ખર્ચને ધ્યાને લેતાં ઓગષ્ટ-૨૦૧૨ અંતિત ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે.

આથી સર્વે આયોજીત યોજનાઓના વડાશ્રીઓને કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, પગાર ભથ્થા, રીકરીંગ, નોન-રીકરીંગ તેમજ બાંધકામ સદરે કરવામાં આવેલ જોગવાઈ મુજબ દર માસે સમભાગે ખર્ચ થવો જોઇએ. આયોજીત યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાય તેવું આગોતરુ આયોજન કરી વર્ષાન્તે ૧૦૦ ટકા નાણાકીય અને ભૌતિક લક્ષ્યાક હાંસલ થાય તે માટે આયોજીત યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રોઓને આયોજન કરવાનુ રહેશે.જેમાં ચાલુ વર્ષે નવી મંજૂર થયેલ યોજનાઓમાં ખર્ચ ઘણો નહીવત થયેલ છે તેમજ ટ્રાયબલ યોજનાઓમાં ગ્રાન્ટ પૂરે પૂરી વપરાય જાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.જો ફાળવણી મુજબ ખર્ચ નહીં થાય અને સરકારશ્રી તરફથી જોગવાઈમાં કાપ મુકવામાં આવશે અને તેના લીધે યોજનાની પ્રગતિમાં અસર પડશે, તો તેની જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

જા.નં. આકૃયુ/અયન-૨/૨૦૧૧-૧૨/૬૨૦૨ /૧૨,
તારીખ૧૪/૦૯/૨૦૧૨

સંશોધન નિયામક અને
અનુસ્નતાક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ સવિનય રવાનાઃપ્રતિ,

(૧) આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ

(૩) આયોજીત યોજનાઓના ઈન-ચાર્જ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે ઘટતી કાર્યવાહી કરવા સારૂ

(૪) કાર્યપાલક ઈજનેરશ્રી,આ.કૃ.યુ., આણંદ તરફ આયોજીત યોજનાઓ, વનબંધુ તેમજ ટ્રાયબલ એરીયા સબ પ્લાન યોજનાઓના બાંધકામોના ફંડના વપરાશ સમભાગે પરિપત્રમાં આપેલ સૂચના મુજબ કરવા આયોજન કરવાનું રહેશે

(૫) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ તરફ જાણ સારૂ

(૬) નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેક્નોલોજી આકૃયુ, આણંદ તરફ યુનિ. વેબ સાઈટ ઉપર મુકવા માટે મુકવા સારૂ